સાલ : ૧૯ / સિલસિલાવાર નંબર : ૧૬૬ / શુમારો : ૪ બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ કુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રજબુલ અસબ - શાઅબાનુલ કરીમ ૧૪૪૩ / ફેબ્રુઆરી - માર્ચ ૨૦૨૨

## ઈલ્મી અને તારીખી નવાદેરાત

ઈમાન કે ગુલ ખિલતેં હૈં દાઅવત કે ઈસ ચમન મેં,
પરચમ બલંદ હક્ક કા હે હાતિમ કે ઈસ ઝમન મેં.

❁ ગફલત-બેદરકારી ખૈરને રોકી દે છે. તું જાણે છે કે, કોઈની નજાત કેમ હોઈ શકે કે, જે ખૈર પર ના હોય. અરે ! કોઈ ઈઝઝત તક પહોંચી શકતું નથી મગર ખૈરથી જ.

❁ અલ્લાહતઆલાની ઝિક્ર કરનાર કોઈ વક્ત શર-બદી નહીં કરે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર સલવાતો સલામ પઢનાર કોઈ વક્ત મોહતાજગી નો સામનો નહીં કરે, રાતે ઉઠીને કિયામ કરનાર-તહજ્જુદની નમાઝ પઢનાર કોઈ વક્ત રાતે ભુખો નહીં સુએ અને ભાઈઓ વાસ્તે મોહબ્બત રાખનાર કોઈ વક્ત ફકીરીને બરદાશ્ત નહીં કરે.

❁ અલ્લાહતઆલા એ શખ્સને કરાહીયત કરે છે કે, જે નમાઝ પઢવામાં સુસ્તી કરે. આમ કરનાર શખ્સનું જમન અને પાની એના ઉપર લાઅનત બોલે છે. જમન અને પાનીથી એને જે તાકત મિલે છે તેને એ નમાઝ સિવાયના કામોમાં ખર્ચી નાંખે છે. હોવું તો એ જોઈએ કે, નેઅમતોની શુક્રગુઝારીના લેહાઝથી બંદએ ખુદા પહેલામાં પહેલા નમાઝને અદા કરે, જે એના ઉપર કોઈ પણ હાલતમાં ફરઝ છે. તે બાદ એના જિસ્મના મુખ્તલિફ આઅઝા, જેમકે, આઁખ, કાન, પૈશાની, ઝબાન, હાથ, પગ વગૈરા એના ઉપર લાઅનત બોલે છે. કેમકે, જે ચીઝ તમામ કરતા અફઝલ હતી, તેને મુકીને બીજા કામો જે ગૈર-ઝરૂરી અને ગૈર-લાયક હતા, **તેને આગલ કીધા અને નમાઝને મુકી દીધી.** જે નમાઝથી એને નૂર અને ફૈઝ મિલવાનો હતો, તેને જ છોડી દેવામાં આવી. વધારે પડતું કામ કરવાથી જેમ જિસ્મ થાકી જાય છે, તેમ ગૈર-ઝરૂરી નકમ્મા કામો કરવાથી નફ્સ પણ થાકી જાય છે. નમાઝ આ થકાનને દૂર કરી દે છે અને એક નવી તાકતની રૂહ જિસ્મમાં ફૂંકે છે.

❁ **રજબુલ મુરજ્જબ**નો મહીનો બાબરકત મહીનો છે. મગફેરત અને ઈબાદતનો મહીનો છે. દુનિયાના શરથી-ખરાબીથી અલ્લાહતઆલા અને તેના વલીઓથી પનાહ તલબ કરવાના અય્યામ છે. અય્યામુલ બીઝ અને લયલતુલ ઈસ્રાએ વલ મેઅરાજની નૂરાની ઈબાદત, દોઆ અને વસીલા વાસ્તે ખાસ અને અફઝલ છે. રજબના રોઝા નાફેલતના છે. ફઝીલતમાં આઅલા છે. સવાબની ગિન્તીમાં બેમિસાલ છે. કફ્ફારતુઝ્ઝુનૂબ વાસ્તે નુસ્ખએ કારઆમદ છે. આ મહીનામાં વસીએ મુસ્તફા મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વિલાદત બા-સઆદત કાઅબતુલ્લાહમાં થઈ છે.

❁ **શાઅબાનુલ કરીમ**, રમઝાનુલ મુઅઝઝમના વઝીર છે. જે મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અલ્લાહના નબી છે, નુમાઈંદા છે તે મુજબ શાઅબાન, રમઝાનની નુમાઈંદગી કરે છે. રજબ મહીનો શાઅબાનની નુમાઈંદગી કરે છે. લયલતુન્નિસ્ફથી આ મહીનો મશ્હૂરો માઅરૂફ છે. આ રાતે ૧૪ રકઅતના થંભ વશેક આવે છે કે, જે ઘણા ભારી છે, મગર ઈબાદતગુઝાર વાસ્તે એક સૌગાત છે. દફતરે આઅમાલમાં નવો હિસાબ ઈબ્તેદા થવાની રાત છે.
(બકીયાહ પેજ નં. ૨ પર)

**અય તાલિબે ઈલ્મ ! તમેં હર વક્ત પ્યાસા છો.**

(પેજ નં. ૧ નું બાકી)
આ મહીનાનો ૧૫ મો દિન ઘણો મુબારક છે. હમારા મૌલા અલી અને માઁ ફાતેમા ની અક્દખ્વાની થઈ છે અને અંબિયાના જૂના કિબ્લા બૈતુલ મુકદસથી તબ્દીલ થઈને ઈબ્રાહીમી કાઅબા અને હરમે મક્કા હમારા વાસ્તે નવા કિબ્લા મુકર્રર થયા છે.

⊛ **૬ રજબ : ૨૮માં દાઇએ મુત્લક સૈયેદના શૈખ આદમ સફીયુદ્દીન સાહેબ (આ.કુ.)** એ ૧૦૩૦ હિ.માં અહમદાબાદમાં હુદૂદ-ફોઝલાને દરમિયાન આપના પોતા સૈયદના અલી શમ્સુદ્દીન સાહેબ (આ.કુ.) ને ૨૯ માં દાઈએ મુત્લક તરીકે કાઈમ કરે છે, નસ કરે છે અને ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના નાઈબ મુકર્રર કીધા. આ મહીનામાં એક વાર નહીં મગર ત્રણ વક્ત નસ ફરમાવી. તમામે હમારા શહીદે આઅઝમને પોતાના દાઈએ હક્ક તસ્લીમ કીધા. મગર દુનિયાતલબીની લાલચ, દૌલતનું ઝોર, ખૌફનો માહૌલ, જાનની હલાકી, કારોબારની તબાહી, ઘરની પરૈશાની અને ચંદ ફિત્નાપરસ્ત લોગોની ધમકીઓથી ઘણા-ઘણા લોગો સાચું જાણવાને બાવજૂદ ફિરી ગયા અને સબીલે હક્ક-રાહે રાસ્તને મુકી દીધો.

⊛ **૧૭ રજબ : ૩૩ માં દાઇએ મુત્લક સૈ. હેબતુલ્લાહ મુઅય્યદુદ્દીન (આ.કુ.)** એ આપના બાવાજી સાહેબ, આલે નૂહજીના અલમબરદાર સૈ.જીવાભાઈ ઝિયાઉદ્દીન (આ.કુ.) ની હિદાયતના સબબ પ્રતાપનગર પર હમારા કબ્રસ્તાનની ઝમીન ખરીદી અને બુસ્તાને બદરી, મારૂફલીયાના હમારા મોહલ્લાના છેડા પર એક બગીચો અને નાના કબ્રસ્તાનનો પૂરો ઈહાતો કીધો. મુમેનીનને તે જગા પર વસાવીને એક મોહલ્લાની શિકલ આપી.

⊛ **૧૭ રજબ : ૪૩ માં દાઇએ મુત્લક સૈયદના યુસુફ નૂરૂદ્દીન સાહેબ (આ.કુ.)** ના ઝમાનમાં મદ્રસાની દીની તાઅલીમને સાથે સાથે સ્કૂલની દુનિયાવી અને ઝાહિરી ઊલૂમની તાઅલીમની બુનિયાદ મુઈનુદ્દાઅવત મોહંમદહુસૈનભાઈ ઝેનીથવાલાની માલી કોશિશથી નાખવામાં આવી. ઉમ્મીદ એ હતી કે, સ્કૂલ અને મદ્રસો સાથે જ હોય કે, જેથી અલવી બચ્ચાં તમામ ઊલૂમને એક છતમાં જ હાસિલ કરી શકે. આ તરીકો થોડા વક્ત તક ઝેનિથ સ્કૂલને માતહત ચાલો. જૂની ઝિયાઈ મસ્જિદ શહીદ થઈ અને જદીદ નૂરાની મસ્જિદ તે જ જગા પર તાઅમીર થઈ. આપનો મઝાર આ જ મસ્જિદના સહેનને પાછલ છે. આપની ઔલાદમાંથી ચંદ ગ્રેજ્યુએટની તાઅલીમ તક પહોંચા જે આપની ઈલ્મો તાઅલીમ તરફની રગબતનો ઈશારો આપે છે.

⊛ **૨૫ રજબ : ૩૭ માં દાઇએ મુત્લક સૈયદના શૈખઅલી શમ્સુદ્દીન સાહેબ (આ.કુ.)** ની દાઅવતની મુદ્દત તમામ કરતા લંબી-તવીલ છે, ૫૯ વરસની છે. આપ બે વક્ત હજ્જે બયતુલ્લાહથી ફારિગ થયા. આપે દાઅવતે શરીફહના ખઝાનાના ઘણા કિતાબો જે કમ્ઝોર થઈ ગયા હતા તેને નવી તૌરથી લખીને ખઝાનાને મઝબૂત કીધો. આપની કિતાબત-લખાણનો તૌર-તરીકો, કાઅબતુલ્લાહના ગિલાફ પર તે વક્તમાં જેમ કિતાબત થાતી હતી, તે મુજબ દિલકશ અને ઘાટીલો હતો. આપ ખુદ મદ્રસો ચલાવતા હતા, મોટાઓને પઢાવતા હતા. નિસ્ફિલ્લૈલની હફતીઓ મુમેનીનને લખીને આપતા હતા. આપની આ આદતે શરીફહ અને સુન્નતે જારીયહ આપના બે ફરઝંદો સૈ.હમીદુદ્દીન સાહેબ અને સૈ.મુફીદુદ્દીન સાહેબમાં જારી રહી. આપના ઈન્તેકાલ બાદ આપના આ બે ફરઝંદોમાં દાઅવતની બરકત ચાલી કે, જેથી એક સાહેબ ૩૮ માં અને બીજા સાહેબ ૩૯ માં દાઈએ મુત્લક ના નૂરાની દરજાના માલિક બના.

⊛ **૫ શાઅબાન : ૪૪ માં દાઇએ મુત્લક સૈ.તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.)** ની દાઅવતે મુનીરહના ૪૨ સાલ અને ૧૮ દિન મુમેનીનની નઝરોને સામે તાઝા અને સાફ છે. આપ મૌલાની દોઆઓના સબબ જ આજે
(બકીયાહ પેજ નં. ૩ પર)

**ઈલ્મ, પાની છે અને જેહાલત, પ્યાસ છે.**

(પેજ નં. ૨ નું બાકી)

મુમેનીનના ઘર-વેપાર આબાદો બહેબૂદ છે. તાઅલીમના હર શોઅબાની ટોચ પર આજે હમારા જવાનો પહોંચેલા છે. કૌમી, મઝહબી અને સમાજી તરક્કીની રોશની આજે હમેં જોઈ રહ્યા છે. આપની કોશિશના સબબ પૂરા આલમમાં હમેં અલવી બોહરા જમાઅત તરીકે ઉભરી આવા છે. મજલિસો મજમાઅ અને મહેફિલો અદબના આપ અલમબરદાર છે. અહલે બૈત (અ.સ.) ના બયાનાતની નહેરો આપની હિદાયતથી જારી થઈ. જમાઅતની તાઅમીરાત અને મુખ્તલિફ બિના-રૌઝાઓને નવેસરથી બનાવવાની મૌસમ આપના ઝમાનમાં પુરબહાર થઈ. આપની દુરંદેશીના નતીજા રૂએ આજે હમારા અકસર મુમેનીન આજવા રોડ પર મુકીમ છે.

❁ **૮ શાઅબાન : ૪૨ માં દાઇએ મુત્લક સૈ. ફિદાઅલી બદરૂદ્દીન સાહેબ (આ.કુ.)** ના ઝમાનએ મયમૂનમાં જમાઅતમાં ઘણી અહમ તાઅમીરાત વુજૂદમાં આવી. આપ ૯ મહીના તક ૧૩૬૬ હિ. માં મુંબઇ પધારા તેના સબબ ત્યાંના ૬ શેઠીયાઓએ વરલી ઈલાકા પર મસ્જિદે બદરીના તાઅમીરનો એહતેમામ કીધો. સૂરતમાં જૂનું મુસાફિરખાનું બનાવું, મુંબઇના શેઠ હુસૈનઅલી ગ્રાન્ટરોડવાલાએ સૈ.નૂરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના રૌઝહ શરીફહ તાઅમીર ફરમાવા. આ જ ફૈયાઝ સાહેબે મારૂ ફલીયા, વડોદરામાં બુસ્તાનુસ્સવાબની દિલકશ ઈમારત દોઆતે કિરામ (આ.કુ.) ના મઝારના સહેન શરીફમાં તાઅમીર ફરમાવી. નૈકનામ શૈખઅલી અલીભાઈએ આપની મુંબઈમાં ખૂબ ખિદમત કીધી. મહીનાઓ તક આપની બરકાતની સવારી નૈકનામના ઘર પર જ રહી અને આ દૌરાન નૈકનામે મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત ની ઝિક્રામાં, આપની દાઅવતની શાનાતને ઈઝહાર કરીને ચાંદીની સબીલ બનાવી અને જ્યાં આપ મૌલાનો કિયામ હતો, રહેતા હતા તેના નીચે પહેલી વક્ત મોહર્રમમાં નસબ કીધી.

❁ **૨૬ શાઅબાન : ૩૬ માં દાઇએ મુત્લક સૈ.હમીદુદ્દીન શમ્સુદ્દીન સાહેબ (આ.કુ.)**, ૩૩ માં દાઈ સૈ.હેબતુલ્લાહ સાહેબના ફરઝંદ છે. સૈ.નુરૂદ્દીન સાહેબે આપ ઉપર નસ ફરમાવી. ૨૦ સાલ સૂરત શહેરમાં દાઅવત રહી અને તે બાદ આપના ઝમાનમાં વડોદરામાં પાછી દાઅવતની મસ્નદ મુન્તકલ થઈ. આપના વક્તમાં પણ સૂરતમાં હમારા મુમેનીનનો પૂરો મોહલ્લો, દુકાનો અને મસ્જિદ હતી. આપના ઝમાનમાં કાગઝી લોગો કે જેઓએ ગોશ્ત જમવું હરામ કરી દીધું હતું, તેઓનું ઝોર ઘણું હતું. આ લોગો લાડવાડામાં રહેતા હતા અને સૈ.શેહાબુદ્દીન સાહેબ (આ.કુ.) ના મકાન પર કબ્ઝો કીધો હતો. આપે ઈલ્મો હિકમતથી આ લોગોને સમઝાવા. મગર તેઓ ગુમ્રાહી પર જ રહ્યા. આપે ખંદાપેશાનીથી આ લોગોનો મુકાબેલો કીધો. ✯

## તું જે ચાહે તે ગુનાહ કર

મૌલાના ઇમામ હુસૈન (અ.સ.) નઝદીક એક શખ્સે આવીને આજિઝી કીધી કે, "અય મૌલા ! હું ગુનાહ કરતો અટકી જાઉં એવો ખયાલ કરૂં છું, પણ હું ખુદને ગુનાહ કરતા રોકી શકતો નથી. આપ મને કોઇ એવો રસ્તો બતાવો કે, હું ગુનાહ કરતો અટકી જાઉં અને એવી નસીહત કરો કે હું કોઇ વક્ત ગુનાહ કરવા તરફ તવજ્જોહ કરૂં નહીં.

ઇમામ આલી મકામે ફરમાવું કે, "આ પાઁચ ચીઝોને તું અંજામ આપ પછી તું જે ચાહે તે ગુનાહ કર."

૧) અલ્લાહે આપેલી રોઝી ખાવાનું તું મુકી દે.
૨) એવી જગા તલાશ કર, જ્યાં અલ્લાહ તુંને ગુનાહ કરતો જોઇ શકતો ન હોય.
૩) અલ્લાહતઆલાની હુકૂમત માંથી બહાર થઇજા.
૪) તારામાં એવી તાકત પૈદા કર કે, મલકુલ મૌત તારી રૂહ તારા જિસ્મમાંથી અલગ ન કરી શકે.
૫) એવી તાકત તલબ કરકે, જન્નતનો દારોગા-દરબાન તુંને જહન્નમમાં નાખવા ચાહે પણ તે એ કામને અંજામ ન આપી શકે.
બસ આ પાઁચ ચીઝને અંજામ આપ, પછી જે ચાહે તે ગુનાહ કર, તેમાં કોઇ હરજ નથી. ✯

**ઈલ્મના તલબગાર, નફસાની ફાયદો તલબ કરવા, ઈલ્મને તલબ કરે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૨૦
## અલવી અકીદાઓ - અકીદો - ૩૫ અને ૩૬

**મુકદ્દેમો - પ્રસ્તાવના :**

હક્કતઆલાની આ દાઅવતે હક્ક યૌમે અઝલ (મકાનો ઝમાન બગૈરનું જહાન) થી જારી છે અને યૌમે અબદ (મકાનો ઝમાન જે વક્ત મિટી જાશે) તક બાકી રહેનારી છે. હમારા ઝમાનાના ઈમામ, મૌ.ઈમામુઝઝમાન (અ.સ.) તક અકલે અવ્વલ (પહેલી અકલ કે જેથી રૂહાની આલમની ઈબ્તેદા છે) નો ફૈઝ અને ઈલ્મ જારી છે, ઉતરે છે અને નફસે ઈમામીને મુનવ્વર કરે છે. અક્લે અવ્વલ સાથેના ઈમામુઝઝમાન (અ.સ.) ના આ નૂરાની રાબેતાના સબબ, ઈમામથી આપના દાઈને કુદસાની તાઈદ મિલે છે. આ તાઈદથી **દાઇએ મુત્લકમાં રૂહુલ કુદસના અન્વાર ઝાહિર થાય છે.** ઈલ્મે હક્કની પાકીઝા નહેરો દાઈની મુબારક ઝબાનથી નિકલેલા કલામની શિકલમાં વહે છે.

ઈમામે હક્ક એમના ઝમાનમાં રહેમત અને નેઅમતના સાહેબ હોય છે. આ ખુસૂસી ફૈઝો ઈનાયત હક્કતઆલાના મીઝાને અદલ-ઈન્સાફના તરાઝૂથી હાસિલ થાય છે. ઈમામ પોતાન ફૈઝને એમના દાઈમાં જારી કરે છે કે, જેને દાઇ એને માનનારા-અકીદો રાખનારા મુમેનીન-મુખ્લેસીનમાં તકસીમ કરી દે છે. આ જિસ્માની આલમમાં ઈમામી ફૈઝની બરકતથી મુમેનીન મલાએકતે જિસ્માનીયીનની સૂરત ઈખ્તિયાર કરે છે. **જિસ્માની આલમના આ ફરિશ્તાઓની જમાઅતને મુમેનીનની જમાઅત કહેવાય છે.**

આ નેઅમત અને ફૈઝની કુદસાની દૌલત મુમિનને નૂરાની આલમમાંથી મિલેલી છે, તો એના ઉપર લાઝિમ છે કે, એના પાકીઝા નફસને બરાબર સાચવે, તેનો હર વક્ત હિસાબ કરે, ફિત્ના-ફસાદથી દૂર રાખે, અકીદા અને અમલને દુરૂસ્ત કરે, શરીઅતની પાબંદી કરવા પર તેને મહેનત કરાવે, દુનિયાની તબીઅતોની નાપાકીથી તેને દૂર રાખે, અલ્લાહતઆલાના વલી-દાઈથી હિદાયત લેવા પર આમાદહ કરે અને અલ્લાહના રંગથી તે નફસને રંગે.

નૂરાની આલમ સાથેનો નફસનો રાબેતો તે જ વક્ત કાઈમ અને બરકરાર રહે છે કે જે વક્ત અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બતની અસા-લાકડીથી ફિક્ર-સોચની વાંકાશને સીધી કરે. ફાતેમી ઈમામોના સિલસિલાનો ઈકરાર કરે અને જે ઝમાનાના ઈમામ હોય તેની માઅરેફતની શમઅ ને દિલમાં જલાવે. આ માઅરેફતથી મુમિન, ખુદની ઝાતને અને અલ્લાહતઆલાની વહદાનીયતની માઅરેફત કરે શકશે. ઈમામે હક્કની માઅરેફત કરવી આસાન નથી, મગર ખૂબ જિદ્દો કદ, સબર, જેહાદ અને પુખ્તા નિય્યતથી જ તે હાસિલ કરી શકાય છે.

**અકીદો ૩૫ : વસીના ઇન્તેકાલ બાદ વસાયત ખત્મ થઇ જાય છે.**

વસીની વફાત બાદ વસાયતનો મરતબો-મકામ ખત્મ થઈ જાય છે. જે તરહ રસૂલની રિસાલત મહેદૂદ અને એક વક્તે મુકર્રર વાસ્તે હોય છે, તે મુજબ વસીની વસાયત આપના આ દુનિયાથી ઈન્તેકાલ બાદ પૂરી થઈ જાય છે. યાઅની કે, હર રસૂલ પોતાની એક નવી કિતાબ-નવી શરીઅત લઈને જહાનના લોગો દરમિયાન આવે છે, દીનના ઝાહિરી-બાહરી અહકામ અને ઈલાહી ફરમાનો લોગો ને સમઝાવે છે, શીખાવે છે અને પોતાની રિસાલતની ઝિમ્મેદારી પૂરી કરે છે. રસૂલ એના ઈન્તેકાલ પહેલા વસીને કાઈમ કરે છે જે કિતાબ અને શરીઅત, બેવેની અંદરૂની-બાતિની રાઝની વાતોને લોગોમાં અયાઁ કરે છે, ખુલ્લી કરે છે. જેનો અકસર લોગો ઈન્કાર કરે છે અને **હક્કના થોડા જ લોગો તે બાતિની પુરહિકમત ઝિક્રને** કુબૂલ કરે છે.

રસૂલ તન્ઝીલથી કાઈમ થાય છે અને વસી તાવીલથી. જે વક્ત વસી પોતાનું કારે દાઅવતનું કામ યાઅની તન્ઝીલે કિતાબ અને શરીઅતની ગહેરી માઅનાઓ, તાવીલ, બાતિન અને ભેદી વાતોનું લોગોને પહોંચાડવાનું કામ (બકીયાહ પેજ નં. ૭ પર)

**નિય્યત ચોખ્ખી રાખીને ઈલ્મને તલબ કરે.**

## હરમે કાઅબા અને કબૂતર

તીસરા ફાતેમી ઈમામ મૌ.અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છે કે, "અય મારા અસ્હાબ ! તમેં નઝર કરો આ મક્કા શહેરમાં. તમને ચારે બાઝૂ કબૂતર નઝર આવશે. શું તમેં જાણો છો કે, મક્કામાં અને ખાસ કરીને હરમમાં આ કબૂતરોના હોવાનો સબબ શું છે ? અલ્લાહતઆલાએ આ માઅસૂમ પરિંદાને કાઅબાના હરમમાં ક્યા વાકેઆથી વસાવેલા છે ?" તમામ એક ઝબાન થઈને કહેવા લાગા કે, "અય ફરઝંદે રસૂલે ખુદા ! આપ જ હમારા કરતા ઝિયાદહ ઈલ્મ રાખો છો અને આપ જ હમને તે વાકેઓ બતાવી શકો છો !"

આપ મૌલાએ ખિતાબ કરીને ફરમાવું કે, ગુઝિશ્તા ઝમાનામાં એક મરદના ઘરમાં ખજૂરીનું દરખ્ત હતું. તેના ઉપર એક કબૂતરે માલો બનાવેલો હતો. પહેલી વક્ત કબૂતરીએ ઈંડા-બેદા મુકા અને તેમાંથી બચ્ચા પૈદા થયા તો ખુશ થઈને કબૂતરે "**બારગાહે ઇલાહીમાં હમ્દો સના કીધી.**" બેવેએ પોતાના બચ્ચાંને ખૂબ સાચવા. પણ જે વક્ત તે ઉડવા લાયક થયા અને એ મરદે તે જોયું કે, ફૌરન ખજૂરી ઉપર ચઢીને તમામ બચ્ચાંને ઝબેહ કરી દીધા. કબૂતર આ ઝાલિમ મરદની કરતૂતથી ખૂબ માયૂસ થઈ ગયું.

પછી માજરો એવો બનો કે, જેટલી વક્ત કબૂતરી ઈંડા મુકે અને બચ્ચાં ઉડવા લાયક થાય કે, એ મરદે ઝાલિમ બચ્ચાંને પકડીને ઝબેહ કરી દે. પોતાના બચ્ચાંની દર્દનાક મૌત જોઈને કબૂતરની ગમગીની વધતી ગઈ. આખિરકાર, કબૂતરનો સબર ખૂટી ગયો અને **બારગાહે ઇલાહીમાં એ મરદે ઝાલિમ વાસ્તે શિકાયત કીધી** અને પોતાના બચ્ચાંની મૌત વાસ્તે ઈન્સાફની ઈલ્તેજા કીધી.

અલ્લાહતઆલા તરફથી જવાબ આવો કે, "અય કબૂતર ! તું કરારે દિલી રાખ. તારો રબ તારા હાલાતથી વાકિફ છે. હવે જે વક્ત પણ એ મરદે ઝાલિમ તારા બચ્ચાં સાથે આ મુજબ કાતિલાના અમલ કરશે અને તે વાસ્તે એ ખજૂરી પર ચઢશે કે, તરત જ એ પોતાની ઝાત પરનો કાબૂ ગુમાવી દેશે અને નીચે પટકાઈને હલાક થઈ જાશે."

થોડા અરસા બાદ જે વક્ત કબૂતરના બચ્ચાં થયા અને ઉડવાની તાકત પર પહોંચા કે, એ મરદે ઝાલિમ એની આદતે બદ મુજબ બચ્ચાંને ઝબેહ કરવાની તૈયારી સાથે ખજૂરી ઉપર ચઢવાનું શુરૂ કીધું. **તે લમ્હામાં એના કાન પર એક સાઇલની નિદા આવી.** એના દિલમાં રહેમ જાગો અને એ ઘરમાંથી સાઈલની હાજિતને પૂરી કરવા વાસ્તે કઈ લઈને આવો. સાઈલે એના વાસ્તે ઉમ્રદરાઝીની દોઆ કીધી અને ખુશ થઈને ત્યાંથી ચાલો ગયો.

એ મરદ દોબારહ ખજૂરી ઉપર ચઢો અને કબૂતરના બચ્ચાંને પકડીને ઝબેહ કરી દીધા અને સહીહો સાલિમ એ દરખ્ત પરથી પાછો ઉતરી ગયો. કબૂતર આ જોઈને પરૈશાન થઈ ગયું. બારગાહે ઈલાહીમાં ઈલ્તેજા કીધી કે, "અય મારા રબ ! આ શું થઈ ગયું ? એ ઝાલિમની જાન તો સલામત છે !" ઈરશાદે રબ્બાની થયો કે, "એની મૌત તો તય હતી જ, પણ એ મરદે જે તરહ સાઈલને સદકો કીધો અને સાઈલે એના વાસ્તે ઉમ્ર લંબી થાવાની દોઆ કીધી અને એના આ અમલે સાલેહએ એની મૌતને ટાલી દીધી."

"મગર, અય કબૂતર ! તું ફિકર ના કર. તારો ગમ, તારી શિકાયત અને તારા સબરને હું જાણું છું. આ તમામનો બહેતરમાં બહેતર બદલો તુંને મિલશે. તે એ છે કે, જહાઁ તક આ દુનિયા બાકી રહેશે, વહાઁ તક હું તારી નસલને બાકી રાખીશ. હું તારી વસ્તી-આબાદી ને કુશાદા કરીશ." કબૂતરે કહ્યું કે, "અય મારા રબ ! તારા વાઅદાનો તું માલિક છે. **તારા વાઅદા ઉપર મને ભરોસો છે** અને એ વાત પણ સાચી છે કે, તું તારા વાઅદાથી ખિલાફ કોઈ વક્ત જાતો નથી."

(બકીયાહ પેજ નં. ૬ પર)

**પહેલામાં પહેલા ખામોશ રહે, પોતાની ઝબાનને બંધ રાખે.**

(પેજ નં. ૫ નું બાકી)

તે જ વક્ત ફરમાને ઈલાહી થયું કે, **"અય કબુતર ! તારાથી હું રાઝી છું. તું હવે આ ખજૂરીને છોડી દે. તું તારી ઝૌજહ સાથે મક્કા શહેર પહોંચી જા. ત્યાં મારૂં પાક હરમ છે, તે હરમમાં તું તારો માલો બનાવ. તુંને આ હરમમાં ખૂબ સુકૂન મિલશે. તારી નસલ તે બાબરકત જગાના સબબ બાકી રહેશે."**

આ સાથે શરીઅતમાં હરમમાં શિકાર કરવું મનાઅ કરી દેવામાં આવું, જેથી હરમમાં નાહક્ક કોઈનું ખૂન ના થાય, જાન ના જાય, જંગ ના થાય યા શિકાર ના થાય. અય મુમેનીન ! હરમમાં આજે હમેં જે કબૂતરોને જોઈ રહ્યા છે તે તમામ આ જ કબૂતરની નસલમાંથી છે. આ જ કબૂતર પહેલામાં પહેલા હરમમાં આવીને વસેલું હતું. અલ્લાહતઆલા જેની નસલમાં બરકતનો ઈરાદો કરે છે તે હમેશા બાકી જ રહે છે. આ જ તરહ ઝબીહતના તમામ જાનવરોમાં બરકત બોલવામાં આવી છે.

### ❁ મૌ.નૂહ નજીયુલ્લાહ (અ.સ.)

એક બીજી ઝિક્ર એવી છે કે, મૌ.નૂહ નજીયુલ્લાહ (અ.સ.) ના ઝમાનમાં જે વક્ત ઝમીન સૈલાબના પાનીથી પુર થઈ ગઈ અને કાફિરોની આબાદી ડૂબી ગઈ તો આપે એક કબૂતરને ઉડાવું. આનો સબબ એ હતો કે, તે કબૂતર આપને ખબર કરે કે, કહાઁ પર પાની છે અને કહાઁ પર નથી. કબૂતર જે વક્ત પલટીને ખબર લઈને આવું તો તેની ચોંચમાં ઝૈતૂનની નાની ડાલી હતી. આ ડાલી એ વાતની નિશાની હતી કે, ઝમીનથી પાની ઉતરી રહ્યું છે અને સલામતીથી તે તરફ જઈ શકાય છે. ઝૈતૂનની ડાલીને અમનો સલામતી અને સુકૂનો ચૈનની અલામત-નિશાની સમઝવામાં આવે છે. અલ્લાહતઆલાએ **"વત્તીને વઝ્ઝૈતૂને"** ફરમાવીને અંજીર અને ઝૈતૂનની કસમ ખાધેલી છે અને તેની એહમીયત બતાવેલી છે.

### ❁ દોઆઉલ હમામ

સૈ.મોઅય્યદ અશ-શીરાઝી સાહેબ (રિ.અ.) ફારિસમાં શીરાઝ શહેરમાં રહેતા હતા. આપ ઈન્તેહાઈ ઈલ્મો ફઝલના સાહેબ હતા. અબ્બાસી હાકિમ કાલીજાર તરફથી હક્કના લોગો પર ઝુલ્મો તશદુદ ખૂબ ઝિયાદહ હતો. નતીજતન આપ આપના સાથીઓ સાથે શીરાઝથી દર-બ-દર કરવામાં આવા. દેશનિકાલ કરવામાં આવા. શીરાઝ બાદ આપની ઝિંદગીનો દર્દનાક અને મુશ્કિલ સફર શુરૂ થયો. દૌરાને સફર આપે એક કાબિલે ઝિક્ર દોઆ પઢી હતી કે, જેની નામ "દોઆઉલ હમામ" હતું, યાઅની કબૂતરવાલી દોઆ. આ દોઆમાં આપે તે કબૂતરનો કિસ્સો યાદ ફરમાવેલો છે કે, જેની હમેં ઉપર ઝિક્ર કરી ચુકા છે.

આપ બારગાહે ઈલાહીમાં એમ ઈલ્તેજા કરે છે કે, "અય અલ્લાહતઆલા ! તુંએ તે કબૂતરને બાસલામત તારી અમાનગાહ હરમે કાઅબામાં પહોંચાવી દીધું હતું તો મને પણ અમાન અને કરારે દિલી અતા ફરમાવ." આપની દોઆ મુસ્તજાબ થઈ અને આખિરકાર આપ મૌ.ઈમામ મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના હરમમાં-ખિદમતમાં મિસિર પહોંચી ગયા અને ચંદ અરસામાં આપ ઈત્મિનાને દિલી સાથે બલંદમાં બલંદ મરતબા ઉપર ફાઈઝ થયા. ✯

---

**હોતી હે જિસકો મોહબ્બત અલી કી,**
**રહેતી હે ઉન પર ઈનાયત અલી કી,**
**દીનો દુનિયા મેં હુવા વો કામિયાબ,**
**મિલ ગઈ જિસકો હિમાયત અલી કી.**

**નથી ચિંતા ભલે ચારે તરફ ગમનો પથારો છે,**
**ઝરા પણ ગમ નથી જો દૂર નૌકાથી કિનારો છે,**
**અલીના નામનું મુમિન પર એવું આશ્વાસન છે,**
**ભલે મુશ્કિલ છે પણ મુશ્કિલકુશાનો તો સહારો છે.**

---

**ખુદ કેટલો જાહિલ છે તે સમઝીને ઈલ્મને તલબ કરે.**

(પેજ નં. ૪ નું બાકી)

મુકમ્મલ કરી લે છે અને એનું તરતીબવાર લડીબંધ બયાન ફરમાવી દે છે, તો આપના બાદ આપના ફરઝંદો માંથી એક એવા સાહેબને ઈમામ તરીકે કાઈમ કરે છે કે, જે શરીઅતની તમામ ચીઝોને ઔર મઝબૂતી બખ્શે છે.

આ તરહ ઝાહિરી-બાતિની શરીઅતની પાબંદી વાસ્તે અલ્લાહતઆલાના હુકમથી એક બાદ બીજા ઈમામ કાઈમ થાય છે. વસીની ફરઝ તમામ થઈ ગયા બાદ વસાયતના દરજા વાસ્તે બીજા કોઈ સાહેબની ઝરૂરત રહેતી નથી, કેમકે, એક રસૂલ (નબીએ નાતિક) પોતાની ઝિંદગી વાસ્તે એક જ વસીને કાઈમ કરે છે. વસીની વફાત થાય અને નબી હયાત હોય તો નબી ઈલાહી ફરમાનથી નવા વસીને કાઈમ કરે છે, જે એમના અહલુલ બૈત માંથી હોય. હર વસી શરીઅતની તાવીલ એક વક્ત બતાવી દે છે, તો આપના પછી આવનાર આપની આલમાંથી સિલસિલાના ઈમામો લોગોમાં શરીઅતની પાબંદીને કાઈમ રાખે છે, યહાઁ તક કે, નવા રસૂલ બીજી શરીઅતને લઈને જહાનમાં પધારતા નથી.

**અકીદો ૩૬ : ઇમામતનો દરજો રિસાલત અને વસાયત બાદ હમેશા બાકી રહે છે.**

ઈમામત વાસ્તે આ હમારો અકીદો ખૂબ લાઝિમી છે. ઈમામત હર દૌરમાં પહેલાથી આખિર તક કાઈમી-દાઈમી રહે છે. ઈમામ એ સાહેબ હોય છે કે, નબીની ઝાહિરી શરીઅત અને વસીના બાતિની ઈલ્મના **માલિક, વારિસ અને વલી હોય છે.** ઉમ્મતના લોગો વાસ્તે હિદાયતની નહેરોને જારી કરે છે. આ જહાનમાં દરજએ ઈમામત મૌકૂફ રહી શકતો નથી. પણ, બે રસૂલો-નાતિકો ના દરમિયાન ઈમામતનો સિલસિલો જારી જ રહે છે.

ઈમામની ઐન ઝિમ્મેદારી હોય છે કે, ઉમ્મતના લોગોને ઈલ્મ અને અમલ કરવા તરફ દાઅવત દે. ઈમામ શરીઅતની હિફાઝત કરે છે અને તે ઝમાનના આખિરી રસૂલ ગુઝરા હોય **એમના માનનારા મુમેનીનને સહી રસ્તા પર લગાવીને રાખે છે.** શરીઅતમાં તબ્દીલી કરનાર, તુગ્યાની કરનાર, ફિત્નો કરનાર, ફસાદ પૈદા કરનાર, તાગી-બાગી દુશ્મનો પણ એવા જ હોય છે. પણ ઈમામે હક્ક બિદઅત કરવાવાલાઓની બુરાઈ અને ફિત્નાપરવર શયતાનોની ખરાબીઓથી હક્કની શરીઅતને બચાવે છે.

હમારા રસૂલ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) છે કે જે આ દુનિયામાં આખિરી નબી બનીને પધારા. આપની શરીઅત હમારા દરમિયાન આખિરી છે અને તે કેયામત તક તેની અસલ હાલતમાં બાકી રહેશે. આપના બાદ કોઈ બીજા નબી આવનાર નથી. તેથી આપની આલમાં અને ઔલાદમાં આપના વસી અને આપના દીકરીના ઝરીએ ઈમામત બતૌરે અલ્લાહતઆલાના **હુજ્જત, કલેમહ અને નૂરાની શિકલમાં** બાકી રહેશે. જેના પહેલા બે કલેમહ (ઈમામો) મૌ.ઈમામ હસન (અ.સ.) છે અને મૌ.ઈમામ હુસૈન (અ.સ.) છે. ઈમામતના ઝરીએ સિલસિલએ હિદાયતનો કારોબાર બરકરાર રહે છે, યહાઁ તક કે, દૌરે મોહંમદીના આખિરી ઈમામ મૌ.કાઈમ (અ.સ.) પધારે. આ ઈમામ સઝા-જઝાના માલિક છે, ઈન્સાફને કાઈમ કરનાર છે કે, જેના ઝુહૂર વાસ્તે હક્કના મુમેનીન ઈન્તેઝાર કરી રહ્યા છે. ☆

## Faith in Allaah

Maulana Ali (A.S.) said, "Faith in Allaah will be firmly established if three veils are cast aside :
(1) Feeling pleasure in possessing anything.
(2) Lamenting over the loss of anything.
(3) Enjoying self-praise.

**Wealth will get distributed among the people whether you are there or not. But knowledge strengthens your every deed and it is the cause of advancement to the Paradise.**

**તલબે ઈલ્મના વાસ્તે નઝર અને ઝહેનને હાઝિર રાખે.**

## મરસીયા
## મૌ. બાનૂ (અ.સ.)

જબ બાદશાહે દીન કા સર તન સે કટ ગયા,
આલે અબા કા ઝૌરે કરામાત ઘટ ગયા,
ઘોડે કા ભી અલમ સે જિગર સારા ફટ ગયા,
સજ્જાદ ઉઠ કે દુલદુલે શેહ સે લિપટ ગયા,
બોલા અય રાહવાર મેરા બાપ હે કિધર,
કર મુઝ પે આશ્કાર મેરા બાપ હે કિધર.
અઝમત ઇમામ કી થી કે બોલા વો રાહવાર,
નુત્કે ફસીહ બખ્શી ઉસે રબ્બે કિર્દગાર,
કદમોં પે સર કો રખ્ખા વો રાહવાર બેકરાર,
બોલા કે જલતી રેત પે હૈં શાહે નામદાર,
સર શિમ્ર કાટ કરકે ચલા ઝુલ્ફ થામ કે,
શેહ રગ સે ખૂન બહેતા હે શાહે અનામ કે.
શેહ ને કહા થા મુઝસે કે રાહવાર અસ્સલામ,
અબ છુટ ગઇ હુસૈન સે તેરી ભી યે લુગામ,
અસ્વાર તેરા મરતા હે આબિદ હે અબ ઇમામ,
આબિદ કો મુઝસે લા કે મિલાના હે કરના કામ,
ઇક બાર ચલીએ લાશએ સરવર કે સામને,
હાઝિર હે ચલીએ હયદર પયમ્બર કે સામને.
હયદર ખુલે સર રોતે હૈં થામે હૈં મુસ્તફા,
ખૂને હુસૈન પોછતા હે બાપ મુરતઝા,
બેસર પડા હે રન મેં મોહંમદ કા દિલરૂબા,
મૈં દેખતા હું કરતે હૈં માતમ ભી અંબિયા,
જિન્નાત લાશે પાક પે કુરબાન હોતેં હૈં,
ઇબ્ને હુસૈન દેખો કે શેહ કૈસે સોતેં હૈં.
શેહ ને કહા થા બાનૂ કો લે જાના કોહસાર,
બિઠલાકે તેરી પુશ્ત પે લાના ભી એક બાર,
મુઝકો દિખા કે બાનૂ કો લે જાના રાહવાર,
સોતા હુવા વો દેખ લે બાનૂએ નામદાર,
ઉસ મેં ભી મસ્લેહત હે, હૈં અસ્રારે કિબ્રીયા,
માદર ઇમામ કી હે, હૈં અન્વારે કિબ્રીયા.

અય ઝૈનુલ આબેદીન ચલો બાપ કે કરીં,
બિઠલાવો મેરી પુશ્ત પે બાનૂએ દિલહઝીં,
ઝૈનબ પુકારી ઐસા તો હોને કા અબ નહીં,
જાને ન દુંગી બાનૂ કો પહેલૂ સે અબ કહીં,
બાનૂ સે મુઝકો રાહતે જાઁ હોગી રાત-દિન,
હમ્રાહ ઉનકો રોઉંગી ભાઇ કો રાત-દિન.
સજ્જાદ બોલે સબરો તહમ્મુલ ભી હે ઝરૂર,
જાને દો ઉનકો મુઝકો મેરે બાપ કે હુઝૂર,
રહેમત કરે ખુદા કે લિયે શામી બદ-શઊર,
દેખો કે રન મેં છાયા હુવા ભી હે નૂર-નૂર,
મૈં હું ઇમામ ગર યે ભતીજા તુમ્હારા હું,
મેરી દોઆ લો આજ મુસીબત કા મારા હું.
થર્રા ગઇ બતૂલ કી જાઇ ઝુકાયા સર,
પકડી લુગામ ઘોડે કી સજ્જાદ દિલહઝર,
બેઠી વો રાહવાર પે બાનૂએ ગમ જિગર,
બેટા ઔર માઁ દો આ ગએ સરવર કી લાશ પર,
સજ્જાદ બોલે શાહે શહીદાઁ સલામ લો,
બાનૂ પુકારી તિશ્નાઓ બેજાઁ સલામ લો.
આઇ સદા હુસૈન કી, અય બાનૂ હોશિયાર,
તેરી મુસીબતોં પે હે શબ્બીર બેકરાર,
ઇસ વાસ્તે મૈં ભેજતા હું તુઝકો કોહસાર,
ઇસ્મત કી રિદા લૂંટને પાએ ના બદ-શેઆર,
ઘોડા જહાઁ યે લે ચલે ઉસ સિમ્ત જાઇયો,
એક બાગ કે મહેલ મેં તું આરામ પાઇયો.
એક બાગ આએગા વહાઁ છોડેગા રાહવાર,
તન્હા ના સમઝો તુઝકો મિલેગા વહાઁ શહેરયાર,
મિલને કો ભાઇ આતા હે તુઝકો અય નામદાર,
હોગા તેરી ગરીબી પે વો ભાઇ અબ નિસાર,
અસ્ગર કા પૈદા હોના સુના શહેરયાર ને,
ખુશીયાઁ અજમ કી નગરી મેં કી શહેરયાર ને.

(બકીયાહ પેજ નં. ૯ ૫૨)

**સાંભલતી વક્ત બરાબર ગૌર કરે અને દિમાગમાંથી બીજી વાતોને નિકાલી દે.**

(પેજ નં. ૮ નું બાકી)

ભેજા હે તેરી માઁ ને ગિરહસાલ કરને કો,
અસ્ગર કો અપને શહેર મેં ઘર-ઘર ફિરાને કો,
આયા હે વો અજમ સે તેરા ભાઈ લેને કો,
લાયા ભી હે લુટાને કો યસરબ મેં તોહફે કો,
તોહફા અજમ કા લુટને ના પાયા ગઝબ હુવા,
બચ્ચા તો તેરા કબ્ર મેં સોયા ગઝબ હુવા.
અલ-કિસ્સા ઝૈનુલ આબેદીં આએ હરમ કે પાસ,
લેકિન યતીમ કી તરહ બેઠે બહુત ઉદાસ,
ઝૈનબ પુકારી અય મેરે જાની ન હો નિરાસ,
બેવોં કે વાસ્તે તો ફક્ત તુમ હો એક હી આસ,
બાનૂ કે લાડલે તેરી મહેનત અજીબ હે,
તન્હા તું રેહ ગયા હે યે તેરા નસીબ હે.
દુલદુલ પે બેઠ રાહી હુઈ બાનૂ કોહસાર,
થા આગે-આગે શાહે શહીદાઁ ભી બેકરાર,
જબ બાગ આયા છોડ ચલે શાહે નામદાર,
ઘોડા રૂકા તો ઉતરી વો બાનૂ ભી દિલફિગાર,
બુસ્તાઁ કે દર સે ઘોડે કો બાંધા જનાબ ને,
અસ્ગર કા કુરતા ખૂની નિકાલા જનાબ ને.
યે કહેતી થી કે ચશ્મએ કૌસર નઝર પડા,
ઉસ ચશ્મે પર કરાર લિયા કુરતા ધો લિયા,
ચશ્મે કા આબ સુર્ખ હુવા ગમ સિવા હુવા,
બોલી, હુસૈન શાહ કો પ્યાસા ઝબેહ કિયા
અબ આબ હમ-શબીહે પયમ્બર ન પી સકા,
અય આબ તુઝકો મેરા વો અસ્ગર ન પી સકા.
રાવી બયાન કરતા હે બાનૂ કા માજરા,
કુરતા ઉઠા કે બાનૂને માથે પે રખ દિયા,
બોલી કે, મેરે વાસ્તે કુરતા હે યે રિદા,
ગાહે જિગર પે રખ કે કહા યે મેરી દવા,
ઉસ કુરતે મેં ભરી હુઈ બૂએ હુસૈન હે,
અસ્ગર કા હલ્ક ભી વો ગુલૂએ હુસૈન હે.
યે કહેતી થી કે આયા નઝર બંદએ ઈલાહ,
સાથ ઉસકે પહેને કપડે કો બેઠી બજુઝ પનાહ,
બોલી કે મુઝ પે ઉનકી પડે ના ખુદા નિગાહ,
લેકિન ઉસી મકામ પે ઉતરા વો બાદશાહ,
ચશ્મે કા ખૂન દેખ કે હૈરાન હો ગયા,
બાનૂ કો રોતે દેખ પરૈશાન હો ગયા.
બોલા કે આપ કૌન હૈં બતલાઈએ મુઝે,
ચહેરા શબાબદાર કો દિખલાઈએ મુઝે,
ક્યા નામ હે તુમ્હારા યે સુનવાઈએ મુઝે,
ક્યૂં તન્હા બેઠી રોતી હો સમઝાઈએ મુઝે,
મૈં બાદશાહ હું જો હો વો હાજત બયાન કર,
અય બેકરાર તેરી યે હાલત બયાન કર.
બોલી નકાબપોશ ન કુછ દે સકેગા તું,
વો બાત હે મેરી કે ન કુછ સુન સકેગા તું,
સુનકર કલામ મેરે ન દમ લે સકેગા તું,
ઈમ્દાદ મેરી ઈસ ઘડી ન કર સકેગા તું,
હર એક સખુન હે તીર સંભાલા ન જાએગા,
તીરે અલમ જિગર સે નિકાલા ન જાએગા.
બોલા વો બાદશાહ, બયાન કર, બયાન કર,
કિસ શહેર સે ગરીબી મેં તુમને કિયા સફર,
ચિલ્લાઈ તબ તો બાનૂએ ગમગીન નૌહાગર,
અય બાદશાહ ! રખતી હું મૈં બહેતરીન ઘર,
યસરબ શહેર જો મક્કા મુઅઝઝમ કે પાસ હે,
જિસ જા પે દફન શાહે અરબ હક્ક શનાસ હે.
યસરબ શહેર સે આકે બસાઈ વો કરબલા,
દસ દિન મેં આહ લૂંટ લી કિસ્મત વો કરબલા,
કૂફે કે પાસ તુંને સુના હો જો કરબલા,
દૌલત તમામ દફન હુઈ દશ્તે કરબલા,
અય બાદશાહ ક્યા મુઝે દેગા યા દેવેગા,
મારા ગયા જવાન પિસર મેરા દેવેગા.

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**ઈલ્મને તલબ કીધા બાદ તેમાં ખૂબ તફક્કુર કરે, સોચે.**

(પેજ નં. ૯ નું બાકી)

છે માહ કા પિસર હે કટા દે સકેગા તું,
ઘર મેરા સારા લૂંટા ગયા દે સકેગા તું,
શૌહર, નબી કા લાલ મુપા દે સકેગા તું,
કુંબા અઝીઝ મેરા છુટા દે સકેગા તું,
ગમ કી જિગર મેં મેરે યે એ આગ લગતી હે,
દુખ્તર અજમ કી આજ યે જંગલ મેં ફિરતી હે.
બોલા વો શહેરયાર, અજમ હે મેરા પતન,
બાનૂ હે મેરી નૈક સિયર, હુસ્નપર બહેન,
તું હે અજમ કી બેટી કોઇ ઔર ખસ્તા-તન,
બાનૂ પુકારી મેરા હે સસૂરાલ પંજતન,
હે યઝદજર્દ બાપ તો ભાઇ હે શહેરયાર,
જબ સે છુટી હું દેખ ન પાઇ હે શહેરયાર.
કરતી હું યાદ ભાઇ કો ભેજે અગર ખુદા,
રોએ બહેન ગરીબ કો છાતી લગા લગા,
લે જાએ અપને શહેર મેં મુઝકો તો હો ભલા,
બાનૂ કા રાજ લુંટ ગયા સરતાજ મર ગયા,
તન્હા મૈં હો ગઇ હું તબાહી મેં પડ ગઇ,
હે હે હુસૈન સાથ ન મકતલ મેં ગડ ગઇ.
બોલા વો શહેરયાર કે બાનૂ હે તેરા નામ,
મેરી બહેન હે, મેરી બહેન હે તું નૈક નામ,
બતલા મુઝે કહાઁ ગયા શબ્બીર વો ઇમામ,
બોલી વો રન મેં કત્લ હુવા શાહે તિશ્નાકામ,
શબ્બીર કત્લ હો ગએ અકબર ભી મર ગયા,
છે માહ કા વો બચ્ચા તરસ આબ મર ગયા.
બોલા યે શહેરયાર કે ઝૂલા મૈં લાયા હું,
મીલાદ કે લિયે નયા કુરતા મૈં લાયા હું,
હઁસલી ભી સોને કી યે બનાકર મૈં લાયા હું,
સૌગાત ભી લુટાને કો ઉસ પર મૈં લાયા હું,
માદરને કિસરા શહેર મેં જિસકો બુલાયા હે,
અફસોસ પુર અરમાન પિસર રન મેં સોયા હે.
અસગર કી અબ લહેદ મુઝે બતલા દે અય બહેન,
સોતા હે કિસ મકામ પે દિખલા દે અય બહેન,
ઝૂલા ઝમર્રૂદીકા યે લુટપા દે અય બહેન,
કુરતા કફન કી તરહ સે રખપા દે અય બહેન,
અસગર અલી કી કબ્ર પે કુરબાન હોઊંગા,
બનકર મુજાવિર હશ્ર તલક ઉસ કો રોઊંગા.
યે કેહકે દોનોં ભાઇ-બહેન લગ ગયે ગલે,
દોનો સુએ હુસૈન તડપતે હુએ ચલે,
સજ્જાદ કો વો શામ કે રસ્તે પે તબ મિલે,
દિલસૌઝ ઐસે નૌહે કિયે અર્શ ભી હિલે,
બાનૂ કે વાસ્તે સે દોઆ અબ મુદામ કર,
સજ્જાદ, બાનૂ મેરી મુસીબત તમામ કર. ✮

## ના સાથે ...

| | | |
|---|---|---|
| ઇબ્તેદા કરો | - | બિસ્મિલ્લાહ ના સાથે |
| નમાઝ પઢો | - | નિય્યત ના સાથે |
| રોઝે રખો | - | પરહૈઝગારી ના સાથે |
| ખિદમત કરો | - | મોહબ્બત ના સાથે |
| જિયો | - | હોંસલા ઓર હિમ્મત ના સાથે |
| બોલો | - | અદબ ના સાથે |
| ખર્ચ કરો | - | સમઝબૂઝ ના સાથે |
| પઢો | - | ઇન્તેખાબ ના સાથે |
| ગૌર કરો | - | ગેહરાઇ ના સાથે |
| આરામ કરો | - | વકફોં ના સાથે |
| સખાવત કરો | - | દરિયાદિલી ના સાથે |
| ઝૂકો | - | વકાર ના સાથે |
| ચલો | - | એઅતેમાદ ના સાથે |
| હર કામ કરો | - | ઇન્તેઝામ ના સાથે. ✮ |

**ખર્ચ કરવાથી માલ કમ થાય છે અને ઈલ્મ ખર્ચ કરવાથી ઝિયાદહ થાય છે. ઈલ્મને ખર્ચ કરવું યાઅની એના તલબ કરનારને નઝદીક ઈલ્મ નશર કરવું છે.**

**ઈલ્મ તલબી તે વક્ત ફાયદો કરશે કે, ઈલ્મને તલબ કરનાર તેના મુજબ અમલ કરે.**

## રઝાએ ઈમામે હક્ક – કિસ્ત : ૨

**કિતાબ : તન્બીહુલ ગાફેલીન**

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ મુમિન મુફઝઝલને એક રૂકઓ લખીને આપો કે, જેના ઉપર આપની મુબારક મોહર લગાવી હતી. તે રૂકઆને અહવાઝ શહેરના વાલીને સિપુર્દ કરવાનો હતો. મઝકૂર શખ્સ બયાન કરે છે કે, જે વક્ત હું અહવાઝ આવો તે વક્ત રાત થઈ ચુકી હતી અને ઈમામે હક્કે એમ ફરમાવું હતું કે, "કોઈ પણ વક્ત હોય તમેં પહેલામાં પહેલા મારો આ રૂકઓ વાલીની દારૂલ ઈમારત પર જઈને આપજો." લેહાઝા, મૈં પહેરેગીરને ઈલ્તેજા કીધી કે, એ વાલીને ખબર કરે કે, **તમારા મૌલાના એક ખાદિમ અને રસૂલ તમારા દરવાઝા પર ઊભેલા છે.**

દરબાન-પહેરેગીરે અંદર જઈને ખબર આપી, તેથી એ વાલી ફૌરન ઊઘાડા પગે બાહર નિકલી આવા અને મને જોઈને મારા ઉપર સલામ પઢો અને મારી પૈશાની ચુમી લીધી. તે પછી મને કહ્યું કે, "અંદર આવી જાવ ! અય મારા સરદાર ! શું તમે મારા મૌલાનો પૈગામ લઈને આવા છો ? મારા મૌલાની એટલી નઝરે ઈનાયત મારા ઉપર છે કે, મને યાદ ફરમાવો !" મૈં કહ્યું કે, "અય સાહેબ ! હાઁ." તેથી વાલીએ મને કહ્યું કે, "જો આ વાત સાચી હોય તો હું તમને આઝાદી આપું છું કે, તમેં જે ચાહો તે મને હુકમ કરી શકો છો અને હું તે વાસ્તે તમારી કોઈ પણ ખિદમત કરવા તૈયાર છું." તે પછી હું એના સાથે અંદર ગયો અને હાથ પકડીને એક મસ્નદ પર મને બેસાડો અને પોતે નીચે મારા સામે બેસી ગયા.

તે બાદ ખૂબ નરમ લહેજામાં મને પૂછ્યું કે, "અય મારા અઝીઝ ! તમેં મારા મૌલાને કઈ હાલતમાં જોયા ? તમેં મૌલાની ઝબાને નૂરાનીથી ક્યા-ક્યા કલામને સાંભલા ? તમેં ત્યાંથી વદાઅ થયા તો મારા મૌલાને કઈ હાલતમાં છોડીને આવા ?" મૈં કહ્યું કે, "મૌલાને બહેતર હાલતમાં જોઈને આવો છું. અલ્લાહતઆલાના ફઝલથી ત્યાંના અખ્બાર નેક છે." વાલીએ મને ત્રણ વાર ખુદાના કસમ ખાઈને આ જ મુજબ મૌલાની ખૈરીયતનો સવાલ કીધો. હર વક્ત મૈં એને તસલ્લી-બખ્શ જવાબ આપો અને શુક્રના કલેમાત કીધા.

મૈં મારા દામનમાંથી ઈમામી રૂકઓ કાઢીને વાલીના હાથમાં ધરી દીધો. વાલીએ તેને ઈત્મિનાનથી વાંચો અને બેવે હાથમાં લઈને ચુમી લીધો અને આઁખો પર ચઢાવીને કહ્યું કે, "અય મારા પ્યારા ભાઈ ! આ રૂકઓ મારા વાસ્તે જન્નતની સનદથી કમ નથી. મારા વાસ્તે આ એક અઝીમ નેઅમત છે. મારા વાસ્તે તમારો જે હુકમ હોય તે કહો." મૈં કહ્યું કે, "કોઈ ગુસ્તાખીના બદલ મને મુઆફ કરી દેજો. હું તો એક અદના શખ્સ છું અને તમેં આ શહેરના વાલી છો. **તમારા દિલમાં ઇમામે હક્કની અઝમત જોઇને મારા દિલમાં તમારા તરફની અઝમત ખૂબ-ખૂબ વધી ગઇ છે.** હું કઈ ઝબાનથી બોલું તે મને સમઝ પડતી નથી."

વાલીએ કહ્યું કે, "અય અઝીઝ ભાઈ ! દરજામાં તમેં બલંદ છો કે, તમેં ઈમામે હક્કના દીદાર કરીને આવા છો. હું બેનસીબ છું કે, આ ફૈઝથી મહેરૂમ છું. તમેં કોઈ ખૌફ કે ઝિઝક બગૈર મને કહી શકો છો." તે બાદ મૈં કહ્યું કે, "તમારા દફતરમાં મારૂં નામ દરજ છે અને મારા માથા ઉપર હુકૂમતને અદા કરવાનું એક હઝાર દિરહમનું દેવું છે. તેને અદા ના કરવાના વાસ્તે મારી કોઈ બદ નિય્યત નથી. તમેં આ ગુલામે ઈમામને થોડો વકફો આપતા હોય તો હું પૂરી કોશિશ કરી દૈનને અદા કરી શકું છું. આના બરખિલાફ જો તમેં મને તેને અદા કરવા વાસ્તે મજબૂર કરશો તો હું પૂરી તરહ બરબાદ થઈ જઈશ અને મારા પાસે મારા ઘરને ચલાવવાનો કોઈ જ રસ્તો બાકી નહીં રહે." વાલીએ તે જ વક્ત દરબાનને દફતર લાવવાનું કહ્યું. વાલીએ તેમાં મારા નામની યાદી જોઈ કહ્યું કે, "**અય અઝીઝ ભાઇ ! મૌલાની દોઆના સબબ આજે હું તમને કરઝથી આઝાદ કરૂં છું.**" આમ કહીને દફતરે કરઝમાંથી મારૂં નામ મિટાવી દીધું. તે બાદ મને એક લખાણ લખી આપું અને કહ્યું કે, આજ બાદ કોઈ પણ તમને તમારા કરઝ વાસ્તે સવાલ કરે તો એને આ મારો કાગઝ બતાવી દેજો." ✩

**ઈલ્મો અમલ બાદ તેના પર મુહાસેબો કરવો અને તેની કામિયાબીનો અંદાઝો લગાવવો ઝરૂરી છે.**

## દરસે કુરઆને કરીમ

**સૂરતુલ બકરહ : આયત : ૩૮**

**આયત ૩૮ : હમેં મૌ. આદમ (અ.સ.) ને કહ્યું કે, અગર તમને હમારા તરફથી હિદાયત પહોંચે તો તમેં સઘલા આ જન્નતમાંથી ઉતરી જાવ, ખારિજ થઇ જાવ. હવે જે શખ્સ મારી હિદાયતને તાબેઅ થાશે, મારૂં માનશે, તો ન તો એને કોઇ ડર હશે અને ન એ લોગો કોઇ વક્ત ગમગીન થાશે.**

- મૌ.આદમ (અ.સ.) નું આ દુનિયામાં પધારવું, દાઅવત કરવું અને મુમેનીનનું આપની દાઅવતમાં શરીક થાવું, તે આપની સચ્ચાઈની નિશાની છે. મૌ.આદમે દાઅવતનો દાએરો બનાવો, દીનના અરકાન ઊભા કીધા, જન્નતની તરતીબ મુજબ અને ફરિશ્તાઓના દરજા મુજબ આપે મુમેનીન માંથી આલિમો-હકીમોને દરજા બખ્શા. હુજજતો બનાવીને દાઅવતની ઝિમ્મેદારી સોંપી. અલ્લાહતઆલાએ ફરમાવું કે, અય મારા નબી આદમ ! તમેં એક જગા, એક હાલતમાં ના રહો. બલકે, તમેં ઊઠો, ઉતરો, બાહર નિકલો અને મારી ઝમીનમાં ગશ્ત કરો, ફિરો. તમામ લોગોમાં મારી હિદાયતને પહોંચાવો. મૈંએ જે સુન્નતો બતાવેલી છે તેના ઉપર તમામને ચાલવાની દાઅવત આપો. **આ સુન્નતો હમેશા-હમેશા ચાલશે.** જે શખ્સો આ મારી સુન્નતો પર પાબંદ રહેશે તેઓને દુનિયાના કોઇ ગમ કે કોઇ ખૌફ ઘેરી નહીં શકે.

અખ્બારમાં બયાન આવેલું છે કે, જે વક્ત મૌ.આદમની આલ-ઔલાદ-ઝુર્રીયત ઘણી ઘણી થઈ અને હર ઝમીનમાં ફેલાઈ ગઈ, તો આપે જોયું કે, ઇબ્લીસે તમામને પોતાની સખ્ત ગિરફ્તમાં લઇ લીધા છે. લોગો ઉપર તેના નાપાક ઈરાદા હાવી થઈ ગયા છે. તેનો તસલ્લુત અને ગલબો મઝબૂત થઈ રહ્યો છે. તે નજિસ તમામની શહેવતો જગાવી રહ્યો છે અને તબીઅતોમાં ફસાદ પૈદા કરી રહ્યો છે.

આપે બારગાહે ઈલાહીમાં અરઝ કીધી કે, "અય મારા રબ ! મૈં તો તારો ખાલિસ બંદો હતો, જન્નતમાં વસેલો હતો, તારી તસ્બીહો તકબીરથી ખાસ હતો, મગર ઇબ્લીસે મને ગુમ્રાહ કરી દીધો, મને પોતાની ચાલાકીથી ફિસલાવી દીધો. આના સબબ મૈં જન્નતની નેઅમતોથી મહેરૂમ થઈ ગયો. જે હાલાત મારા ઉપર ગુઝરા, **તે જો મારી ઝુર્રીયત પર ગુઝરશે તો શું હાલત થાશે ?** મારી ઔલાદમાં તો એવી તાકત નથી કે, ઇબ્લીસની મકરબાઝીનો મુકાબેલો કરી શકે ! મગર તું હર મદદ માંગનારનો મદદ કરનાર છે. ને તું જ તેનો માલિક છે કે, જેનાથી મદદની ઉમ્મીદ રાખી શકાય."

આ દોઆના જવાબમાં અલ્લાહતઆલાએ વહ્ય કીધી કે, અય મારા નબી આદમ ! તમેં ગમ ના લાવો. ઈન્સાન ગુનાહના સબબ બનેલો છે. ઈન્સાનથી ગુનાહ જુદા નથી. તમારી ઔલાદ માંથી જે કોઇ શખ્સ ગુનાહ કરશે, મારો આસી થાશે અને પછી નદામત કરીને શરમિંદા થઈને મારા તરફ પલટશે અને ગુનાહને કુબૂલ કરીને મારી મુઆફી ચાહશે, મગફેરત-તલબી વાસ્તે સજદો કરશે, **તો મૈં એને મુઆફ કરી દઇશ. હું ગફૂર છું, રહીમ છું.**

આપે બારગાહે ઈલાહીમાં ઈલ્તેજા કીધી કે, "અય મારા રબ ! તું મને ઔર ઝિયાદહ અતા ફરમાવ." ઈરશાદે રબ્બાની થયો કે, "અય મારા નબી આદમ ! મૈં તમારા ફરઝંદોને તે ચીઝ અતા કરૂં છું કે, તેઓ ખૈર અને નૈકી તરફ રગબત કરશે. યાઅની કે, જે વક્ત તેઓ કોઇ એક નૈકી કરશે તો હું તેનો ૧૦ ગુના ઝિયાદહ સવાબ અતા કરીશ અને જે કોઇ બદી કરશે - ગુનાહ કરશે તો તેના બદલામાં એક જ સઝા આપીશ. આની માઅના એ થઈ કે, **અઝાબના મુકાબિલ સવાબ ખૂબ ઝિયાદહ છે.** આટલી મોટી ઈનાયત હોય અને જો કોઇ ગુનાહ કરે, તો પછી અલ્લાહતઆલા તરફથી તેની સઝા કયા પૈમાનાની હોય ?"

(બકીયાહ પેજ નં. ૧૩ પર)

**દિવસ પૂરો થાવા પર પોતાની જાનનો એકાઉન્ટ લેવો તે આકિલની આદત છે.**

## અલી હે અલી હે, અલી હે અલી હે

હે ક્યા ફિક્ર અય દિલ અગર મુશ્કિલી હે,
ઝમાને કી ગરદિશ સે ગર બેકલી હે,
યે આકા તેરા હમ-સિફાતે નબી હે,
ઝબાઁ પર તેરે વિર્દે નામે અલી હે,
અલી હે અલી હે, અલી હે અલી હે.

અલી ગર ન હોતે તો દુનિયા ન હોતી,
ચમકતે ન અંજુમ ભી માનિંદે મોતી,
હે હુબ્બે અલી નૈકો બદ કી કસૌટી,
અય આઁખેં, તું કિસ ગરદિશી પર હે રોતી,
અલી હે અલી હે, અલી હે અલી હે.

અલી હે જનાબે નબી કા બિરાદર,
મદીના નબી તો અલી ઉસકે હે દર,
હે એક જાનો દિલ મુસ્તફા ઔર હયદર,
સુન અય દિલ, અલી હે તો કિસ બાત કા ડર,
અલી હે અલી હે, અલી હે અલી હે.

હે પાઇ અલી સે સુલૈમાઁ ને શાહી,
નિગલ ગઇ થી જબ કે યૂનુસ કો માહી,
તબ ઉસને અલી સે ખુલાસી કો ચાહી,
અલી હે તો કૈસે છુએગી તબાહી,
અલી હે અલી હે, અલી હે અલી હે.

અલી, અરશો કુરસી સમા કે હૈં બાની,
અલી સે હે કાઇમ જહાઁ કે મબાની,
અલી સે હે ઇલ્યાસ કી ઝિંદગાની,
ઝમીં પર ખુદાએ દો-આલમકા સાની,
અલી હે અલી હે, અલી હે અલી હે.

શહેનશાહે આલમ શહે લાફતા હે,
અલી કે સબબ કુફ્ર-બાતિલ મિટા હે,
અલી માઅનીએ સૂરએ હલઅતા હે,
અય દિલ કોઇ અલી સા જહાઁ મેં નહીં હે,
અલી હે અલી હે, અલી હે અલી હે.

અલી કા અદૂ દૌઝખી ખયબરી હે,
અલી સે બરી વો ખુદા સે બરી હે,
સમાવાત સે શાને હયદર બડી હે,
અલી મેં હરએક શાને પયગમ્બરી હે,
અલી હે અલી હે, અલી હે અલી હે.

શરાબે તહૂરા શરાબે અલી હે,
નમૂનએ દૌઝખ ઇતાબે અલી હે,
જવાબે ઇલાહી જવાબે અલી હે,
દુરે કસ્રે જન્નત તો બાબે અલી હે.
અલી હે અલી હે, અલી હે અલી હે.

હકીકી હે નામે અલી, ઇસ્મે આઅઝમ,
યહીં ઇસ્મે આઅઝમ પઢે પૂરા આલમ,
અલી કી હે કુરસી પે અરશે મુઅઝ્ઝમ,
ઝબાઁ પર મેરી નામે હયદર હો હર દમ,
અલી હે અલી હે, અલી હે અલી હે. ✯

---

(પેજ નં. ૧૨ નું બાકી)


આપે ઔર મઝીદ અરઝ કીધી કે, "અય મારા રબ ! આના કરતા ઔર ઝિયાદહ તારી નઝરે ઈનાયત થાય તો તારા એહસાનની કોઈ ઈન્તેહા ના રહે." ઈરશાદે ઈલાહી થયો કે, "જો તમારી ઔલાદ માંથી કોઇ ગુનાહગાર મારા કાઅબાના હરમમાં અને અરફાના જબલ પર હાઝિર થાશે, મગફેરત ચાહશે અને તે મુજબ પાછા ગુનાહ ના કરવાનો મને મીઆદ-વચન આપશે, તો હું એના સઘલા ગુનાહને મુઆફ કરી દઈશ." આપે ખુશ-ખુશ થઈને શુક્રના સજદાઓ કીધા ને કહ્યું કે, **"હસબી-હસબી", અય રબ ! બસ, બસ, આ તારી અતા કાફી છે !** ✯

---

સમા જા તું હરએક કી આઁખ મેં યે શાન પૈદા કર,
હે મુમિન તું ખુદા કે વાસ્તે ઈમાન પૈદા કર,
ફરિશ્તા શાન બનજા તું અબ ઉઠ નિંદ સે ગાફિલ,
હરએક સે મિલકે જુલકે રહેના ઐસી જાન પૈદા કર.

**ઈલ્મ જે વક્ત જાનો દિલને ફાયદો કરે તો યાદ કરા કરે કે આ ઈલ્મ ખુદાતઆલા તરફથી નેઅમત છે.**

## લફ્ઝી કશ-મ-કશ





✵ **ઉભી તરકીબ :**

૧) જે શખ્સમાં ઈમાનની રૂહ નથી, એ એક ઝિંદા ------ મુજબ છે. (૨)
૨) સાહેબ ! હું ખૂબ ખૂબ મહેનત કરૂં છું. મગર, મારૂં ----- જ બિગડેલું છે. (૩)
૩) ઈમામથી ઈમામત કાઈમ થાય છે, તો ----- થી રિસાલત ની ઝિમ્મેદારી પૂરી થાય છે. (૩)
૭) મરહૂમીન વાસ્તે એમના ઘરના અહલ ઈસાલે સવાબની ----- ની વાનગી બનાવે છે. (૨)

✵ **આડી તરકીબ :**

૨) આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) આપની બયાનીમાં અહલુલ બૈત (અ.સ.) ના ઊલૂમને મુમેનીન દરમિયાન ----- નઝર કરે છે. (૩)
૪) હર નબી - નાતિક ના ----- હોય છે. જે મુજબ મૌ.મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના નાઈબ મૌ.હારૂન (અ.સ.) હતા. (૨)
૫) કેયામત આવતા પહેલા મૌ.ઈસરાઈલ ફરિશ્તા જહાનના લોગોને આગાહ કરવા ----- ફૂંકશે. (૨)
૬) ખુદાતઆલા સખી શખ્સને મોહબ્બત કરે છે અને ----- શખ્સ ને અદાવત કરે છે. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શાઅબાન મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✮

## મૌ.યૂસુફ નબી (અ.સ.) : કિસ્ત -૨

અખ્બારમાં બયાન આવેલું છે કે, ચોરીનો ઈલ્ઝામ લાગા બાદ મૌ.યૂસુફ નબી પોતાના ફઈજીના ઘરે ગુલામ બનીને ઘણી દરાઝ મુદ્દત તક રહ્યા. આ વાસ્તે આપના બાવાજી મૌ.યાઅકૂબ નબી લાચાર અને બેબસ હતા કે, પોતે દીકરાને પોતાના બહેનના ઘર થી આઝાદ કરી શકે ! આપના ફઈ જે વક્ત ગુઝરી ગયા તો આપના બાવાજી આપને દોબારહ ઘરે લઈ આવા અને આપ આપના બીજા ભાઈઓ સાથે મોટા થયા, પરવરિશ પામા.

અખ્બારમાં બયાન છે કે, લયલતુલ કદરની મુબારક રાતે મૌ.યૂસુફ નબીને ખ્વાબ થયો. આપે તેમાં જોયું કે, ૧૧ સિતારા છે, એક સૂરજ છે અને એક ચાંદ છે. આ તરહ બિલ-જુમ્લા ૧૩ છે, જે ખૂબ ચમકી રહ્યા છે. **આ તમામ આપને બાકરામત સજ્દો દે છે.** આપ જે વક્ત બૈદાર થયા અને આપને સપનાનો અંદાઝો ના આવો તો આપે આપના વાલિદે ગિરામી મૌ.યાઅકૂબના નઝદીક ખ્વાબની ઝિક્ર કીધી. આપની ઉંમર તે વક્ત ૧૨ સાલની હતી.

આપના બાવાજીએ કહ્યું કે, **"અય મારા ફરઝંદે અઝીઝા ! તમેં તમારા આ ખ્વાબની ઝિક્ર તમારા**

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**આ નેઅમત હાસિલ થયા બાદ કોઈ વક્ત પણ ઝરા વાસ્તે તકબ્બુરી ના કરે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

**ભાઇઓને ના કરજો.** તેની કૈફીયત ઘણી જ આઅલા છે, તમેં અલા કુલ્લે હાલ એ સઘલાથી ઢાંકજો. જો એમને ખબર પડશે તો તમારાથી હસદ કરશે, તમને નુકસાન પહોંચાડવાની તદબીર કરશે, હીલા-મકરનો તમને નિશાનો બનાવશે. અય મારા ફરઝંદ ! તમેં જાણજો કે, શયતાન હર વક્ત ઈન્સાન ને પોતાના ફંદામાં લે છે. તે ખુલ્લો દુશ્મન છે અને દુશ્મનથી ખૈર-ખ્વાહીની ઉમ્મીદ ના રાખી શકાય."

આ ખ્વાબના સબબ મૌ.યાઅકૂબને યકીન થઈ ગયું કે, દીકરા યૂસુફને નુબૂવતથી ખાસ કરવામાં આવા છે. તે વાસ્તે યૂસુફની બહેતરી અને સલામતી તેમાં છે કે, આ ખ્વાબના રાઝને ભાઈઓથી છુપાવવામાં આવે. અલ્લાહતઆલા તરફથી નબીઓને વહ્ય થાય છે કે, જેના ઝરીઆથી **ઉમ્મતની હિદાયતનો સામાન તૈયાર થાય છે.** વહ્ય એ તરહથી પણ થાય છે કે, અલ્લાહતઆલા નબીને એના ખ્વાબમાં આગાહ કરે છે અને તે હુકમને જારી કરવાનું યાદ અપાવે છે. કુરઆને કરીમમાં આ તરહના સપના-ખ્વાબ વાસ્તે **" રૂઅયા "** લફ્ઝ ઈસ્તેમાલ થયો છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે શખ્સ નૈક બહેતર સપનાને જોઈ કે, જેમાં ખુશહાલી અને સઆદતમંદી હોય તો તે સપનાની બયાની પોતાના ખાસ ભલા શખ્સના નઝદીક જ કરે અને કોઈ ગૈર કે બેહૂદા શખ્સને ના કહે. કેમકે, આમ કરવાથી તે સપનાની નૈકબખ્તી મિટી જાય છે. જે શખ્સ ખરાબ ખ્વાબ જોઈ કે જેમાં બેકરારી, તબાહી, ખૌફ, આફત હોય અને ઊંઘથી જાગે, હુશિયાર થાય તે વક્ત પોતાની ડાબી બાજૂ પર આ તરહ પઢીને મુઠ્ઠી વાલીને ઠોંકે, "અઊઝો બિલ્લાહે મિનશ શયતાનિર રજીમ વ મિન શર્રે મા અરા", યાઅની કે, "હું અલ્લાહતઆલાની હઝરતમાં પનાહ ચાહું છું કે, **મને શયતાન રજીમની શયતાનીયતથી આઝાદ કરે.** તે ચીઝથી પણ પનાહ ચાહું છું કે, જે બદ ચીઝને મૈં મારા સપનામાં જોઈ." આ તરહ અલ્લાહતઆલા એ શખ્સને સપનાની બદીથી હિફાઝતમાં રાખશે. મૌ.યાઅકૂબ નબીએ દોઆ કીધી કે, "અય યૂસુફ ! અલ્લાહતઆલાએ તમારા બાવાજીને જે નેઅમત બખ્શેલી છે, તે મિસિલની નેઅમતથી તમને પણ મુશર્રફ કરશે. ✩


## તિજારત

**યા અલી મદદ**

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ✩

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**

**" ઝૈબાઈશ "**

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ✩

**નૂરભાઈ કેટરર્સ એન્ડ સ્વીટસ**

**અમારા ત્યાં નીચે મુજબના ઓર્ડર લેવામાં આવશે.**
**ચોખ્ખો સામાન, વ્યાજબી ભાવ અને સ્વાદિષ્ટ....**

દરેક પ્રસંગના જમણ, વડાનું ખીરૂં, ફાતેહાની ખીર-મલીદો
મીઠાઈમાં કોપરા પાક, ડ્રાયફ્રૂટ હલવો, મેંગો બરફી,
ગુંદર પાક, વિગેરે.
હોમ ડિલીવરી કરવામાં આવશે.

**મો.: ૯૭૨૪૬૧૫૫૫૭ (બદરૂદીન રંગવાલા)**
**મો.: ૮૪૬૯૬૮૦૩૦૮ (સુલતાના કોઠીવાલા)** ✩

**મકાન વેચવાનું છે**

**૧ રૂમ - કિચન, રોડ સાઇડ ગેલેરી**

બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
વધુ માહિતી માટે કોન્ટેક્ટ કરો :

**મો.: ૯૮૭૯૪૪૩૬૯૯ / ૯૯૭૪૯૯૮૮૦૮.** ✩


સનાએ પંજતને પાક તું કીયા કરના,
સલામ પઢકે સદા નામ ભી લીયા કરના,
ઝબાઁ પે વિર્દ હો મુમિન હુસૈન કા હર દમ,
અગર હે જીના ઇસી યાદ મેં જીયા કરના.

**ઈલ્મમાં તકબ્બુરી શયતાનનું કામ છે અને શયતાન ઈલ્મે હક્ક નો દુશ્મન છે.**

## હાતિમી કલમ અને અલવી ઈલ્મ
### કિસ્ત -૨

અબ્દુલ્લાહ બિન સલામ યહૂદી, મૌ.અલી અમીરૂલ મુમેનીનને અરઝ કરે છે કે, અય અબલ હસન ! આપ હમને બતાવો કે, પત્થર કરતા કઈ ચીઝ ઝિયાદહ સખ્ત છે ? આપ મૌલાએ ફરમાવું કે, **"તે મુમિનનું દિલ કે જે નાની-નાની વાત પર કુફ્ર કરી બેસે."** અબ્દુલ્લાહએ પૂછ્યું કે, શું કોઈ મુમિન હોય તે કુફ્ર કરી શકે ? આપે ફરમાવું કે, "બિલા શક ! હર મુમિનમાં એના ઈમાનની કેફીયત એક જેવી હોતી નથી. તમામના દિલના હાલાત મુખ્તલિફ હોય છે. કોઈ ઝબાનથી ઈમાન લાવે, ઈકરાર કરે, ભલાઈની વાતો કરે; મગર, એનું દિલ તો કાલું હોય, ઈન્કારથી ભરેલું હોય અને છલ-કપટથી ઉભરાતું હોય. **ઝબાનથી જ મુમિન હોય મગર દિલથી કાફિર હોય.**"

ઝબાનથી મોટા-મોટા ઈમાનના દાઅવા કરવા બાદ એ શખ્સ ના નઝદીક કોઈ સવાલ થાય, યા કોઈ મોહતાજ પૈશ થાય, યા કોઈ ચીઝની ઈલ્તેજા કરવામાં આવે તો તેનો સરીહન ઈન્કાર કરી દે. આ તેના વાસ્તે કે એ શખ્સના દિલમાં ઈમાનનો જૂઠો લિબાસ પહેરીને કુફ્ર છુપાયેલો હોય છે. એવો કોઈ મૌકો આવે કે, તરત જ એનો છુપેલો કાફિર બાહર નિકલી જાય છે અને પોતાની અસલી શિકલને ઝાહિર કરી દે છે. મુનાસિબ સવાલને રદ્દ કરવો, તે કાફિરની નિશાની છે.

કાફિર દિલવાલો મુમિન અને કેનાઅત-પસંદી યા કિફાયત-શેઆરી યા ઈત્મિનાને કલ્બી યા સુકૂને અકલી યા દિલી કરાર, આ બેવે ચીઝો એકબીજાથી ખિલાફ છે. એને જેટલું પણ આપવામાં આવે એને સંતોષ મિલે જ નહીં. એના દિલમાં કુફ્ર એક ભયાનક પ્યાસ પૈદા કરે છે. આ પ્યાસ અલ્લાહતઆલાની કોઈ પણ નેઅમતની ઠંડકથી બુઝાતી નથી. નેઅમતે ખુદાવંદીનો મઝા-લુત્ફ આ શખ્સ પૂરેપૂરો તો લે જ છે મગર આખિરમાં તો કુફ્ર જ કરે છે. એહસાન-ફરામોશીની આ શખ્સનું દિલ ખુલ્લી કિતાબ હોય છે. એ શખ્સ વાસ્તે અતા-નવાઝિશ કરનાર, નૈકી કરનારની ભલાઈનો એ જ કુફ્ર કાતિલ બની જાય છે. ✫

**માલ તો તમારા હોવા યા ન હોવા પર તમારા લોગો દરમિયાન તકસીમ થઈ જાશે અને ઈલ્મ તો તમારા હર અમલને મઝબૂત કરે છે અને જન્નત તરફ લઈ જાવાનો સબબ બને છે.**

**નોંધ :** **મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** શૈખ ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.